# દ્રોણગિરિ અતિશયક્ષેત્ર તથા નિર્વાણક્ષેત્ર



દ્રોણગિરિ : નિર્વાણ ગુફા, જ્યાંથી મુનિરાજ ગુરુદત્ત નિર્વાણ પામ્યા હતા.

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : હરપાલપુર, સાગર, ઝાંસી, લલિતપુર, દમોહ - દરેક ૧૧૦ કિ.મી.
  બસ સ્ટેશન : બડા મલ્હરા - ૭ કિ.મી., છતરપુર - ૫૦ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: બડા મલ્હરાથી દ્રોણગિરિ સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર ......: બડા મલ્હરા - ૭ કિ.મી., છતરપુર - ૫૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો.........: અહારજી - ૫૬ કિ.મી., પપૌરાજી - ૬૫ કિ.મી., નૈનાગિરિ - ૯૦ કિ.મી., ખજુરાહો - ૧૦૩ કિ.મી., સોનાગિરિ - ૨૨૫ કિ.મી., ડેરા પહાડી - ૫૭ કિ.મી.

પપૌરાજીથી દ્રોણગિરિ સડક રસ્તે ૬૫ કિ.મી. છે અને ટીકમગઢથી દ્રોણગિરિ ૬૦ કિ.મી. છે. અહીં નાનકડી ધર્મશાળા છે. દ્રોણગિરિ ક્ષેત્ર નાના પહાડ ઉપર છે. અહીં ગુરુદત્ત જૈન સંસ્કૃત વિદ્યાલય છે. ગામમાં વિજળી-પાણીની સગવડ છે. અહીં ફાગણ વદ-૧ થી ફાગણ વદ-૫ સુધી વાર્ષિક મેળો ભરાય છે. દ્રોણગિરિમાં ગુરુદત્તાદિ મુનિવરો મુક્તિ પામ્યા છે. તેથી દ્રોણગિરિને નિર્વાણક્ષેત્ર પણ માનવામાં આવે છે. પહાડ ઉપર ૨૮ જિનમંદિરો શિખરબંધ છે.

તળેટીમાં શ્રી આદિનાથ દિગંબર જૈન મંદિર છે. જેમાં મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૨॥ ફીટના છે. તે સિવાય અહીં પંચધાતુના પુષ્કળ પ્રતિમાજી છે. અંદરના ભાગમાં શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર છે. જેમાં આરસની વેદી ઉપર શ્રી શાંતિનાથ પ્રભુ ૩॥ ફીટના છે. મંદિરની બાજુમાં દસેક મીનીટ ચાલતાં નાની ગલી આવે છે. ત્યારબાદ રંગીન દરવાજો આવે છે. જેમાં પ્રવેશીને પહાડ ઉપર ચડી શકાય છે. કુલ ફક્ત ૨૩૨ પાકા પગથિયાં છે. ચઢાણ છે. તેથી પહાડ ચઢતા થોડો શ્વાસ ચડે છે. પણ પગથિયાં પાકા અને સરસ છે. તેમજ પગથિયાની બંને બાજુ પાકી દિવાલ કઠોડાની જેમ ચણેલી છે. આ પહાડને “લઘુ સમ્મેદશિખરજી” પણ કહે છે.

**પહાડ ઉપરના મંદિરોનું વર્ણનઃ-**

મંદિર નં. ૧ : અહીં શ્રી સુપાર્શ્વનાથ ભગવાન સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨ : અહીં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ પદ્માસન ૧॥ ફીટના વિક્રમ સંવત ૨૦૨૧માં પ્રતિષ્ઠિત કરેલા છે.

મંદિર નં. ૩ : અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પાષાણના ૨॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૪ : અહીં શ્રી આદિનાથ ભગવાન શ્યામ પદ્માસન ૩ ફીટના છે.

મંદિર નં. ૫ : અહીં શ્રી અજીતનાથ ભગવાન પદ્માસન ૧॥ ફીટના છે.

મંદિર નં. ૬ : અહીં શ્રી આદિનાથ ભગવાન સફેદ ૧॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૭ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ ૧॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૯ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૩ ફીટના પદ્માસન અને ફેણવાળા છે.

મંદિર નં. ૧૦ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ ૨॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ ૨॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૨ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ ૨॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૩ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ ૧॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૪ : શ્રી મહાવીર પ્રભુ સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૫ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ ૧॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૬ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ પદ્માસન છે.

મંદિર નં. ૧૭ : શ્રી શાંતિનાથ ભગવાન ૧॥ ફીટ શ્યામ પદ્માસન છે.

મંદિર નં. ૧૮ : શ્રી આદિનાથ ભગવાન સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૯ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ ૨॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૦ : શ્રી સુપાર્શ્વનાથ ભગવાન શ્યામ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૧ : ગંધકૂટી જેવી વેદી ઉપર ૧॥ ફીટના શ્રી આદિનાથ પ્રભુ સફેદ પથ્થરના ખડ્ગાસન છે.

મંદિર નં. ૨૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ ૩ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૩ : શ્રી આદિનાથ ભગવાન શ્યામ ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૨૪ : બ્લ્યુ જેવા પથ્થરનો માનસ્થંભ છે. લગભગ ૧૦ ફીટ ઊંચો છે. ઉપર ખડ્ગાસન પ્રતિમાજી ત્રણ દિશામાં છે અને ચોથી દિશામાં પદ્માસન મૂર્તિ છે. આવું અહીં જ જોવા મળ્યું. બધે કાં તો ખડ્ગાસન પ્રતિમાજી હોય અને મોટા ભાગે તો બધે ચારે દિશામાં પદ્માસન પ્રતિમાજી જ હોય છે.

મંદિર નં. ૨૫ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૦॥ ફૂટના સફેદ પદ્માસન છે.

મંદિર નં. ૨૬ : શ્રી નેમિનાથ ભગવાન ૧ ફૂટના શ્યામ પદ્માસન છે.

મંદિર નં. ૨૭ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૦॥ ફૂટના સફેદ પદ્માસન છે.

મંદિર નં. ૨૮ : આ મંદિર મંદિર નં. ૨૭ ની બાજુમાં ગૂફામાં છે, જેને ગુરુદત્તાદિ ગૂફા કહે છે. અહીંનું અતિશય એમ છે કે ગુરુદત્ત મુનિ આ ગૂફામાં ધ્યાનમાં બેઠા હતા. અહીં ગામમાં વાઘ આવ્યો. લોકોએ વાઘને કાઢયો તો વાઘ ભાગીને ગૂફામાં ચાલ્યો ગયો. તેથી લોકોને ભય થયો કે ફરીને આ વાઘ ગૂફામાંથી દોડીને પાછો ગામમાં આવશે. તેમ ન બને તે માટે ગામના લોકોએ આ ગૂફા ફરતી આગ લગાડી તો આગમાં વાઘ તથા ગુરુદત્ત મુનિ ભસ્મ થઈ ગયા. આ ક્ષેત્ર ઉપરથી ૩॥ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે. તેથી આ ક્ષેત્રને નિર્વાણક્ષેત્ર પણ કહે છે.

જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહીં. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય.

परम दिगंबर मुनिवर देखे, ह्रदय हर्षित होता है ।
आनंद उल्लसित होता है, सम्यग्दर्शन होता है ।।

वास जिनका वन उपवन में, गिरि शिखर के नदी तटे ।
वास जिनका चित्त गुफा में, आतम आनंद में रमे ।। १।।

कंचन अरु कामिनी के त्यागी, महा तपस्वी ज्ञानी ध्यानी ।
काया की माया के त्यागी, तीन रतन गुण भंडारी ।। २।।

परम पावन मुनिवरों के पावन चरणों में नमूँ ।
शांत मूर्ति सौम्य मुद्रा आतम आनंद में रमूँ ।। ३।।

चाह नहीं है राज्य की, चाह नहीं है रमणी की ।
चाह ह्रदय में एक यही है, मुक्ति वधू को वरने की ।। ४।।

भेद-ज्ञान की ज्योति जलाकर, शुद्धातम में रमते हैं ।
क्षण-क्षण में अंतर्मुख हो, सिद्धों से बाते करते हैं ।। ५।।

h